# Std 12 Gujarati Textbook Solutions Chapter 18 અધરો દિવસ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.

**પ્રશ્ન 1. આસ્વાદકના મતે કવિ દયારામ કેવા આદમીને કેવા ભક્ત હતા?**

ઉત્તરઃ

આસ્વાદકના મતે કવિ દયારામ દુલ્લો આદમી ને દુલારો ભક્ત હતો.

**પ્રશ્ન 2. આસ્વાદક વેણીભાઈ પુરોહિત દયારામનાં સર્જનોમાં કોના શૃંગારનું વર્ણન જુએ છે?**

ઉત્તરઃ

આસ્વાદક વેણીભાઈ પુરોહિત દયારામનાં સર્જનોમાં રાધા અને કૃષ્ણના શૃંગારનું વર્ણન જુએ છે.

**પ્રશ્ન 3. 'દયારામના કવનમાં રાજસી અને સાત્ત્વિક પ્રકૃતિ છે' – એવું પ્રતિપાદિત કરવા આસ્વાદક કયું ઉદાહરણ આપે છે?**

ઉત્તરઃ

'દયારામના કવનમાં રાજસી અને સાત્ત્વિક પ્રકૃતિ છે." એવું પ્રતિપાદિત કરવા આસ્વાદક નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો' એ ઉદાહરણ આપે છે.

**પ્રશ્ન 4. આસ્વાદકની ધારણા પ્રમાણે "અધરો દિવસ' કૃતિ કવિ દયારામે કયા સંજોગોમાં લખી હશે?**

ઉત્તરઃ

દયારામને પોતાની જીવનયાત્રાની સમાપ્તિનો અણસાર આવી ગયો હતો ત્યારે એમણે આ કૃતિની રચના કરી હશે.

### 2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.

**પ્રશ્ન 1. કવિને મૃત્યુનો દિવસ મુશ્કેલ શાથી લાગે છે?**

ઉત્તરઃ

મૃત્યુનો દિવસ આવશે, યમના દૂત પ્રાણ લેવા આવશે ત્યારે ધન-સંપત્તિ, વૈભવ-વિલાસ સગાંવહાલાં કે સ્વજનોનો સાથ છોડીને જવું પડશે. કવિને વધારે જીવવું છે. જો આવા સમયે પ્રભુ તમે સાથ નહિ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આપો, તો શત્રુઓ પોતાની યુક્તિમાં સફળ થશે અને યમના દૂતો મારા પ્રાણ હરી લેશે. માટે કવિને મૃત્યુનો દિવસ અઘરો લાગે છે.

**પ્રશ્ન 2. દયારામ કોની શરણાગતિ સ્વીકારે છે? શા માટે?**

ઉત્તરઃ

દયારામ ભગવાન કૃષ્ણની શરણાગતિ સ્વીકારે છે. આ દુનિયાને છોડીને જવાનું નિશ્ચિત છે. આખી જિંદગી લોભ-મોહ, કપટ-પ્રપંચમાં વિતાવી છે, છતાં અંતિમ ઘડી શુભ, સહાયક અને મોક્ષ આપનારી બને એ માટે કવિ પ્રભુની શરણાગતિ સ્વીકારે છે.

**પ્રશ્ન 3. આપણા સંબંધો ક્યાં સુધી છે? શા માટે?**

ઉત્તરઃ

આપણા સંબંધો જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જ છે. કારણ કે મનુષ્યના સંબંધો આ દુનિયાના જ છે, મોહમાયા બધું જ જન્મથી મૃત્યુ સુધી જ હોય છે. મૃત્યુ પછીના નથી.

માણસ જન્મે ત્યાંથી મૃત્યુ સુધી ભાઈ-બહેન, સગાંસંબંધી વગેરે હોય છે. મૃત્યુની સાથે જ બધા સંબંધો પૂરા થઈ જાય છે. શરીરના સંબંધો આત્મા સાથે જોડાયેલા નથી

## 3. વિસ્તૃત ઉત્તર લખો.

**પ્રશ્ન 1. દયારામનો શરણાગતિ ભાવ**

ઉત્તરઃ

'અઘરો દિવસ' આસ્વાદલેખમાં માનવજીવનનું સત્ય સમજાવાયું છે. મનુષ્ય ગમે તેટલું – ગમે તેવું જીવે પરંતુ એક દિવસ આ દુનિયાને છોડીને જવાનું નિશ્ચિત છે.

કવિ દયારામ અઘરો દિવસ એટલે કે મૃત્યુનો દિવસ આવે ત્યારે હે પ્રભુ! મારી સંભાળ લેજો. યમના દૂત આવશે ત્યારે સગાંવહાલાં બધા જ દૂર રહેશે. મોહમાયાના સંબંધો ત્યારે કામ નહીં આવે. આવા સમયે હે પ્રભુ! તમે મારો હાથ ઝાલજો નહિ તો દુશ્મનોની યુક્તિ સફળ થશે.

મારી ભૂલો જોઈને પ્રભુ જો તમે પાછા હઠશો તો મને યમનાં પાશમાંથી કોણ છોડાવશે. જેમ પિતા પુત્રના અવગુણોને ઢાંકે તેમ તમે પણ મારા અવગુણો તરફ ધ્યાન ન આપશો. નહિ તો તમારી જ પ્રતિષ્ઠા ઓછી થશે. જેવો છું એવો હે પ્રભુ! હું તમારો છું. તમારે જ મને નિભાવવાનો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ખરા હૃદયની શ્રદ્ધાથી મનુષ્ય ઈશ્વરકૃપા અને ઈશ્વરશરણ પામી શકે છે. આમ, અહીં ઈશ્વરભક્તિનો અને ઈશ્વરકૃપાનો મહિમા સ્પષ્ટ થયો છે.

**પ્રશ્ન 2. ટૂંકનોંધ લખો :**

**1. દયારામનું કૃષ્ણનું રટણ**

ઉત્તર:

કવિ દયારામ એક અદકો આદમી છે. તે પ્રભુનો લાડકવાયો ભક્ત હતો. તેમની રચનાઓમાં પ્રેમીજનોનું માધુર્ય છે. રાધા અને કૃષ્ણનો શૃંગાર ભાવાલાલિત્ય જોવા મળે છે. તેમની ગરબીમાં મોહમાયામાં ફસાયેલાં જીવોને ભક્તિને માર્ગે લઈ જવાનો પ્રયાસ થયો છે.

કવિ દયારામ કૃષ્ણના નામનું રટણ કરતાં કહે છે કે, “હે પ્રભુ! મારી સંભાળ લેજો. યમના દૂત આવશે ત્યારે સગાંવહાલાં બધા જ દૂર રહેશે. કોઈ મારો સાથ નહિ આપે આવા સમયે હે પ્રભુ! તમે મારો હાથ ઝાલજો નહિ, તો દુશ્મનોની યુક્તિ સફળ થશે.

અને કહેશે કે આખી જિંદગી કૃષ્ણ કૃષ્ણ કરનારની પ્રભુએ ઉપેક્ષા કરી. એમાં લાજ તમારી જ જશે. ભક્ત તરીકે મેં ઘણી પ્રતિષ્ઠા મેળવી છે, પણ એક માનવ તરીકે મારી ભૂલો થઈ હશે. મારી આ ભૂલો જોઈને પ્રભુ જો તમે પાછા હઠશો તો મને યમનાં પાશમાંથી કોણ છોડાવશે.

જેમ પિતા પુત્રના અવગુણોને ઢાંકે તેમ તમે પણ મારા અવગુણો તરફ ધ્યાન ન આપશો. નહિ તો મારી સાથે તમારી પ્રતિષ્ઠા પણ ઓછી થશે. જેવો છું એવો હે પ્રભુ! હું તમારો છું. તમારે જ મને નિભાવવાનો છે.

**2. દયારામના મતે અઘરો દિવસ**

ઉત્તર:

કવિ દયારામના મતે અઘરો દિવસ એટલે કે મૃત્યુનો દિવસ. જીવનનું સનાતન સત્ય મૃત્યુ છે એ “અઘરો દિવસ આસ્વાદલેખમાં સમજાવાયું છે. મનુષ્ય ગમે તેટલું – ગમે તેવું જીવે પરંતુ એક દિવસ આ દુનિયાને છોડીને જવાનું નિશ્ચિત છે.

આખી જિંદગી લોભમોહ, કપટ-પ્રપંચમાં વિતાવી હોય, તો અંતિમ ક્ષણે પ્રભુ યાદ આવે નહિ. મદદ કરે જ નહિ. પામર મનુષ્ય અંતિમ ઘડી શુભ થશે અને સહાય મળશે એવું ઇચ્છે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મનુષ્ય ગમે તેવો હોય પણ ખરા હૃદયની શ્રદ્ધાથી ઈશ્વરકૃપા અને ઈશ્વરશરણ પામી શકે છે. કવિ કહે છે કે, "દરેક માણસની કોઈ ને કોઈ ભૂલ તો થાય જ એમ એક માનવ તરીકે મારી ભૂલો થઈ હશે. મારી આ ભૂલો જોઈને પ્રભુ જો તમે પાછા હઠશો તો મને યમનાં પાશમાંથી કોઈ નહીં છોડાવે.

જેવો છું એવો હે પ્રભુ હું તમારો છું. તમારે જ મને નિભાવવાનો છે."

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in